આદશે નિવાસી શાળા(કુમાર/અ.જા.), પાલનપુર, જી.બનાસકાંઠાના ઓવરહેડ ટાંકી, ઈલેક્ટ્રીક બોર રૂમ તથા ગેટ કીપર ગાર્ડની ઓરડી બનાવવા અંગેના રીનોવેશનની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2025/1159/G
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:**

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્રક્રમાંક:અજાક/ગ/સછા/૨૦૨૫-૨૬/૨૬૫૦-૫૨ ,તા.૧૪/૦૫/૨૦૨૫

**આમુખ:**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે તે માટે રાજ્યભરમાં આદર્શ નિવાસી શાળા(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસક્રમો માટે રહેવા, જમવા તેમજ શિક્ષણની નિ:શુલ્ક સુવિધાઓ આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૧૪/૦૫/૨૦૨૫ના પત્રથી આદર્શ નિવાસી શાળા(કુમાર), પાલનપુર, જી.બનાસકાંઠા માટે ઓવરહેડ ટાંકી, ઈલેક્ટ્રીક બોર રૂમ બનાવવા તથા ગેટ કીપર ગાર્ડની ઓરડી બનાવવા વગેરે જેવા રીનોવેશનકામો માટે રૂ.૫૪,૮૦,૦૦૦/-(અંકે રુપિયા ચોપન લાખ એસી હજાર પુરા)નો ખર્ચ કરવાની મંજૂરી આપવા માટે અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા(કુમાર/અ.જા.), પાલનપુર, જી.બનાસકાંઠા માટેઓવરહેડ ટાંકી , ઈલેક્ટ્રીક બોર રૂમ તેમજ ગેટ કીપર ગાર્ડની ઓરડી બનાવવા અંગેના રીનોવેશન કામો માટે રૂ.૫૪,૮૦,૦૦૦/-(અંકે રુપિયા ચોપન લાખ એસી હજાર પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચે મુજબની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાવિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – ૦૪ SCW – 32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૨૧/૦૯/૨૦૨૫ ની નોંધથી મળેલ વહીવટી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૦૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, અગ્રસચિવશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી(નાણાવિભાગ) કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, સચિવશ્રી(માર્ગ અને મકાન વિભાગ)કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.બનાસકાંઠા
- સંબંધિત જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી(નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા(સા.ન્યા.અને અ.વિ.), સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કો.સેલ શાખા(સા.ન્યા. અને અ.વિ.), સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ – ૨૦૨૫

*Signature Not Verified*

*Signed by:SantoshKumar Sureshbhai Vasava*
*Section Officer*
*Date:2025.10.03 11:02:09 +5:30*